# પરમ પ્રભાવક-પ્રતાપી પૂર્વાચાર્યો

ચરમ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માના પંચમ ગણધર અને
પ્રવર્તમાન શ્રી વીરશાસન શ્રમણપરંપરાના પ્રથમ પટ્ટધર

## શ્રી સુધર્માસ્વામીજી ગણધર ભગવંત

**તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના તીર્થ( શાસન )ની સ્થાપના :**

આ અવસર્પિણીકાળમાં પરમાત્મા શ્રી ઋષભદેવ વગેરે ૨૪ તીર્થંકર ભગવાન થયા. તેમાં અંતિમ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામી થયા, જેમનું આ કાળે જિનશાસન પ્રવર્તે છે, જયવંતુ વર્તે છે.

વિ. સં. પૂર્વે ૫૪૩માં પરમાત્મા શ્રી વર્ધમાનનો જન્મ થયો હતો. ૩૦ વર્ષની વયે તેઓશ્રીએ પ્રવ્રજ્યા-દીક્ષા અંગીકાર કરી; અને ૧૨॥ ( સાડાબાર ) વર્ષપર્યંત ઘોર તપશ્ચર્યા કરી, અનેક ઉપસર્ગો સહ્યાં અને પરમ સમતા અને અખંડ આત્મસાધનાપૂર્વક કેવલજ્ઞાન પામ્યા. કેવલજ્ઞાનપ્રાપ્તિના બીજા જ દિવસે, વિ. સં. પૂર્વે ૫૦૧માં વૈશાખ સુદિ ૧૧ના વહેલી સવારે, તીર્થંકર ભગવાન શ્રી વર્ધમાનસ્વામી અપાપાનગરી ( પાવાપુરી )ના મહાસેન વનમાં પધાર્યા હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

યોગાનુયોગ, એ જ સમયે, એ જ અપાપાનગરીમાં સોમિલ નામના ધનાઢ્ય બ્રાહ્મણે એક મહાયજ્ઞ યોજ્યો હતો; અને એ માટે દેશના મોટા મોટા નામાંકિત બ્રાહ્મણ પંડિતોને આમંત્ર્યા હતા. તેમાં સારાયે મગધદેશમાં અદ્વિતીય ગણાય એવા વૈદિક આચાર્ય ગૌતમ ગોત્રીય (૧) શ્રી ઇન્દ્રભૂતિ અને તેમના બે લઘુ બંધુઓ : (૨) શ્રી અગ્નિભૂતિ અને (૩) શ્રી વાયુભૂતિ તેમ જ અન્ય દિગ્ગજ આચાર્ય પંડિતો, જેવા કે (૪) ભારદ્વાજ ગોત્રીય શ્રી વ્યક્ત, (૫) અગ્નિ-વૈશ્યાયન ગોત્રીય શ્રી સુધર્મા, (૬) વાસિષ્ઠ ગોત્રીય શ્રી મંડિત, (૭) કાશ્યપ ગોત્રીય શ્રી મૌર્યપુત્ર, (૮) ગૌતમ ગોત્રીય શ્રી અંકપતિ, (૯) હરિત ગોત્રીય શ્રી અચલભ્રાતા, (૧૦) કૌંડિલ ગોત્રીય શ્રી મેતાર્થ અને (૧૧) કૌંડિલ ગોત્રીય શ્રી પ્રભાવ પોતપોતાના વિશાળ શિષ્યપરિવાર સાથે પધાર્યા હતા.

અપાપાનગરીમાં આ દિવસે ચોમેર હલચલ મચી ગઈ હતી. એક બાજુ હજારો લોકો વિપ્રદેવ સોમિલે આદરેલા મહાયજ્ઞના દર્શને જઈ રહ્યા હતા, તો બીજી બાજુ માનવમહેરામણ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામીની ધર્મપર્ષદામાં ઊમટી રહ્યો હતો. વળી, જોતજોતામાં નગરીનું આકાશ પણ દેવવિમાનોથી છવાઈ ગયું હતું. એ દેવવિમાનો સર્વજ્ઞ–સર્વદર્શી ભગવાન મહાવીરસ્વામીના સમવસરણ તરફ જઈ રહ્યાં હતાં. મહાયજ્ઞમાં ઉપસ્થિત અગિયારે દિગ્ગજ પંડિતોએ પોતાની ધારણાથી વિરુદ્ધ આ દૃશ્ય જોઈ અને પોતાથી પણ વધુ જ્ઞાની-સર્વજ્ઞ આવ્યાનું જાણી, તેમનાં આશ્ચર્ય સાથે અભિમાન ઘવાયું ! તેઓને થયું કે શું અમારાથી વધુ વિદ્વાન કોઈ હોઈ શકે ?

## ગૌતમ બન્યા ગણધર...

કંઈક કુતૂહલથી, કંઈક વિદ્યાના અભિમાનથી અને સર્વજ્ઞ મહાવીરનો શાસ્ત્રાર્થમાં પરાજય કરવાના આશયથી સર્વ પ્રથમ પ્રકાંડ પંડિત શ્રી ઇન્દ્રભૂતિ ભગવાન મહાવીરની ધર્મપર્ષદામાં જાય છે. તેમને થાય છે કે ક્યારે વાદ-વિવાદ કરું અને મહાવીરનો પરાજય કરી મારી વિદ્યાનો જય-જયકાર કરું ? તેમની આ ઉત્સુકતાના અંતની ઘડી આવી પહોંચી. તેઓ ભગવાન મહાવીર સમીપ પહોંચી ગયા. ભગવાનના અતિશયો જોઈને ઇન્દ્રભૂતિ પળવાર અહોભાવ અનુભવી રહ્યા : કેવું પ્રશાંત રૂપ, કેવો આત્મવૈભવ અને કેવું દિવ્ય તેજ !!! અને જ્યાં ઇન્દ્રભૂતિ ભગવાનની બરાબર સન્મુખ ખડા થયા, ત્યાં જ ભગવાન મહાવીરે વાત્સલ્ય નીતરતી વાણીમાં તેમને આવકારતાં કહ્યું : "ઇન્દ્રભૂતિ ગૌતમ ! પધારો ! તમારું સ્વાગત હો !"

ઇન્દ્રભૂતિ પોતાનું નામ સાંભળીને એક ક્ષણ તો વિસ્મય પામ્યા; પણ બીજી જ ક્ષણે તેમનો અહં પોકારી ઊઠ્યો : ના, ના ! મને કોણ ન ઓળખે ? હું વિખ્યાત પંડિત, મને સહુ કોઈ જાણે ! મારા નામથી મને બોલાવ્યો એમાં શી નવાઈ ! હા, તેઓ મારા મનની શંકાને પામી, એનું સમાધાન કરી આપે તો ખરા જ્ઞાની માનું.

ભગવાન મહાવીરે એ જ પળે કહ્યું : "ઇન્દ્રભૂતિ ગૌતમ ! જીવનું અસ્તિત્વ છે કે નહિ, એ શંકા તમારા હૃદયને સંતાપી રહી છે, ખરું ને ?" ઇન્દ્રભૂતિ ચમકીને વિચારમાં પડી ગયા : મારી આ શંકા મેં ક્યારેય કોઈને જણાવી નથી, તો આમને ક્યાંથી ખબર પડી ? ભગવાન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરની આ ગહન જ્ઞાનશક્તિ અને વાત્સલ્યભર્યું વલણ જોઈ ઇન્દ્રભૂતિના જ્ઞાનનો ગર્વ ગળી ગયો. વાદ-વિવાદ કરવાનું પણ એ વીસરી ગયા અને પોતાની શંકાનું સમાધાન પામી, ભગવાન મહાવીરને સમર્પિત થઈ, પોતાના ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લઈ, ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય–ગણધર બની કૃતકૃત્યતા અનુભવી રહ્યા.

શ્રી ગૌતમસ્વામી પ્રથમ ગણધરપદનું તેમ જ ગુરુ-શિષ્યના આદર્શનું અદ્વિતીય અને વિરલ આદરમાન પામ્યા છે. ભગવાન અને ગૌતમસ્વામી વચ્ચેનો સંવાદ સમગ્ર જિનાગમશાસ્ત્રમાં મહત્ત્વનો બની ગયો છે. તેઓ વચ્ચેના સૌથી વધુ પ્રશ્નોત્તરો આશરે ૩૬ હજાર – ભગવતીસૂત્રમાં જોવા મળે છે. ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના શ્રી કેશી ગણધર સાથેના વાર્તાલાપમાં, તેમના દરેક સંશયોનું સમાધાન કરનાર અને ભગવાન મહાવીરની પરંપરાને અંગીકાર કરાવનાર શ્રી ગૌતમસ્વામી બુદ્ધિનિધાન હતા, તેમ અતિ ઉગ્ર તપ, ઉત્તમોત્તમ ભાવ અને ધ્યાનના કારણે તેઓ લબ્ધિનિધાન પણ હતા. દીપોત્સવીના દિને ચોપડાપૂજનમાં ' શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હજો ' એમ લખવાની અને બેસતા વર્ષે મંગલ પ્રભાતે ધર્મસ્થાનમાં ' શ્રી ગૌતમસ્વામીના રાસ 'નું માંગલિક રૂપે શ્રવણ કરવાની પરંપરા આજ વર્ષોથી ચાલતી આવી છે.

## શ્રી વીરશાસનના સંઘનાયક, પ્રથમ પટ્ટધર શ્રી સુધર્માસ્વામીનું જીવન-દર્શન :

વિ. સં. પૂર્વે ૪૧૭ના આસો વદિ અમાસની પાછલી રાત્રિએ ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા અને તેના બીજા જ દિવસે વહેલી સવારે શ્રી ગૌતમસ્વામી કેવલજ્ઞાન પામ્યા. ભગવાન મહાવીરસ્વામીની વિદ્યમાનતામાં ૯ ગણધરો નિર્વાણ પામ્યા હતા અને અન્ય બે વિદ્યમાન ગણધરોમાં શ્રી ગૌતમસ્વામી ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી અલ્પ સમયમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરતા ભગવાન મહાવીરસ્વામીના પ્રથમ પટ્ટધર અને ચતુર્વિધ સંઘના નાયક શ્રી સુધર્માસ્વામી થયા.

શ્રી સુધર્માસ્વામીનો જન્મ વિ. સં. પૂર્વે ૫૫૦માં મગધદેશના કોલ્લાગસન્નિવેશ ગામે થયો હતો. ભગવાન મહાવીર ( વર્ધમાન )નાં જે જન્મનક્ષત્ર અને જન્મરાશિ હતાં, તે જ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર અને કન્યારાશિમાં શ્રી સુધર્માસ્વામીનો જન્મ થયો હતો. તેમનાં પિતાનું નામ ધમ્મિલ અને માતાનું નામ ભદ્રિલા હતાં. તેઓ અગ્નિવૈશ્યાયન ગોત્રીય બ્રાહ્મણ હતા.

(શ્રી સુધર્માસ્વામી વિદ્યોપાસનામાં ઋક્, સામ, યજુ, અથર્વ એ ચાર વેદો; શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્તિ, છંદ અને જ્યોતિષ એ છ વેદાંગો; અને મીમાંસા, ન્યાય, ધર્મદર્શન અને પુરાણ એ ચાર ક્રિયાકાંડ આદિના પ્રકાંડ પંડિત અને આચાર્ય બન્યા હતા.)તેમની પાઠશાળામાં ૫૦૦ વિદ્યાર્થીઓ–શિષ્યો વિદ્યાભ્યાસ કરતા હતા.

એ સમયે યજ્ઞનો ખૂબ જ મહિમા હતો. સોમિલ નામના વિપ્રદેવે અપાપાનગરીમાં એક મહાયજ્ઞ યોજ્યો હતો. તેમણે આ યજ્ઞના ક્રિયાકાંડ માટે દેશના ખ્યાતનામ પંડિતો-ઋત્વિજોને નિમંત્ર્યા હતા. તેમાં પધારેલા અગિયાર પ્રકાંડ આચાર્ય પંડિતોમાં શ્રી સુધર્મા પણ પધાર્યા હતા. એ જ સમયે ભગવાન મહાવીર, કેવલજ્ઞાન પ્રાપ્ત કરી દેશના આપવા, અપાપાપુરી પધાર્યા હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમની દેશના સાંભળવા માનવગણ તેમ જ દેવોને પણ દેવવિમાનમાં જતાં જોઈ, યજ્ઞમાં ઉપસ્થિત પંડિતો આશ્ચર્ય અને આઘાત પામ્યા. પોતાને વિદ્યામાં સર્વશ્રેષ્ઠ માનતા આ પંડિતો તેનું પ્રતિપાદન કરવા અને ભગવાન મહાવીરને પરાસ્ત કરવાનો નિર્ણય કરી, સૌ પ્રથમ સમર્થ પંડિત ઇન્દ્રભૂતિ જાય છે. તેઓને પાછા આવવામાં વિલંબ થતાં તેમના લઘુબંધુ અગ્નિભૂતિ, વાયુભૂતિ અને પંડિત વ્યક્ત પણ ભગવાન મહાવીરને પરાભૂત કરવા એક પછી એક જાય છે. તેઓ પણ સ્વશંકાનું સુંદર રીતે સમાધાન પામી પોતપોતાના ૫૦૦ શિષ્યપરિવાર સાથે ભગવાન મહાવીરના શિષ્ય બની જાય છે.

આ વાત જાણી, અતિ આઘાતથી આવેશવશ દિગ્ગજ પંડિત સુધર્મા પણ ધર્મપર્ષદામાં પહોંચી ભગવાન મહાવીર સામે વાદવિવાદ કરવા તત્પર થઈ જાય છે. પણ ભગવાનની વત્સલ નજર પડતાં પોતાનો આવવાનો હેતુ જ વીસરી જાય છે. તેમના કાને જાણે વીણાનો ઝંકાર સંભળાય છે: “ અગ્નિવૈશ્યાયન સુધર્મા! તમારા મનમાં એવી શંકા છે ને કે જીવ જેવો આ ભવે હોય છે તેવો જ તે પરભવે થાય છે? ”

સુધર્મા અહોભાવથી માત્ર થોડા જ શબ્દો બોલી શક્યા : “ હા, પ્રભુ ! આપે મારા મનની ગુપ્ત શંકાને બરાબર ઓળખી છે. પણ પ્રભુ ! આમ માનવું શું અયુક્ત છે ? છે, તો સાથી તે કહેવા કૃપા કરો.” અને ભગવાન મહાવીરે તર્કથી સમજાવ્યું કે, “ મનુષ્ય મરીને મનુષ્ય પણ થઈ શકે છે, જો તેનામાં સરળતા, મૃદુતા, સદાચાર આદિ સદ્ગુણો હોય તો. મનુષ્ય મનુષ્યનું આયુષ્ય બાંધી પૂર્વ ભવે મનુષ્ય થઈ શકે છે અને ઉપર્યુક્ત સદ્ગુણો ન હોય તો મરીને તિર્યંચમાં કે નારકીમાં જન્મે છે; અને ઉપર કહેલા ગુણોથી વધુ ગુણોને ખીલવીને મરે તો દેવલોકમાં જન્મે છે. એટલે જે આ ભવે જેવો હોય તેવો જ પૂર્વે થાય એવો એકાંતિક નિયમ નથી. જીવનની ગતિ કર્માનુસારી છે. ”

ભગવાન મહાવીરના મુખે પોતાની શંકાનું સમાધાન પામતાં શ્રી સુધર્માનો વિદ્યામદ અને આવેશ — સર્વ શમી ગયા અને પ્રભુ મહાવીરને જ સર્વસ્વ માની પોતાના ૫૦૦ શિષ્ય-પરિવાર સાથે દીક્ષા અંગીકાર કરી, પંચમ ગણધરપદને પામી ધન્ય ધન્ય બની ગયા.

વિપ્રદેવ સોમિલના મહાયજ્ઞમાં આવેલા અન્ય છએ પંડિતો પણ, એક પછી એક ભગવાન મહાવીર સન્મુખ જતા, પૂર્વના પંડિતોની જેમ વાદથી ઉન્મુખ એવું ભગવાન દ્વારા શંકાનું સમાધાન પામતા પોતપોતાના શિષ્યપરિવાર સાથે દીક્ષા સ્વીકારી ગણધરપદની પ્રાપ્તિ કરે છે.

વિ. સં. પૂર્વે ૫૦૧ના વૈશાખ સુદિ ૧૧નો એ દિવસ જિનશાસન અને સારાયે ભૂમંડલ માટે શકવર્તી બની ગયો. પરમાત્મા મહાવીરની, કેવલજ્ઞાન પ્રાપ્તિ પછીની, સર્વ પ્રથમ સફળ દેશનાથી ૧૧ પંડિતો અને તેઓનો શિષ્ય-પરિવાર મળી ૪૪૦૦ ( ચાર હજાર ચારસો ) પુણ્યાત્માઓએ દીક્ષા અંગીકાર કરી. ભગવાન મહાવીરે ૧૧ પંડિતોને દીક્ષા પ્રદાન કરી ઉપદેશ આપ્યો કે, “ સંસારના પ્રત્યેક પદાર્થ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યાત્મય સ્વભાવવાળા છે. ” આ ‘ ત્રિપદી ’ના ઉપદેશ-શ્રવણથી તેઓને ‘ ગણધરલબ્ધિ ’ પ્રાપ્ત થઈ અને આ લબ્ધિવંત અગિયારે ગણધરોએ ભગવાનના ઉપદેશની સંકલના રૂપે ‘ દ્વાદશાંગી ’ની રચના કરી. આ જ દિવસે ભગવાન મહાવીરે આ અગિયાર ગણધરોની સાથે સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કરી. વૈશાખ સુદિ ૧૧ના એ શુભ દિવસને 'ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના તીર્થ (શાસન)ની સ્થાપનાનો દિવસ' કહેવાય છે.

ભગવાન મહાવીરે આ ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને જુદા જુદા વિભાગો—ગણની રચના કરી અને તેની વ્યવસ્થા પોતાના આ મુખ્ય અગિયાર શિષ્યોને સોંપી. આથી તેઓ એ ગણના નાયક બન્યા; અને એ રીતે પણ તેઓ 'ગણધર' કહેવાયા. આ અગિયાર ગણધરોમાં શ્રી સુધર્માસ્વામી પાંચમા ગણધર હતા.

(શ્રી સુધર્માસ્વામી સરલતમ, સૌમ્ય, નિર્મલ, ભદ્રપરિણામી, સત્યના ઉપાસક ને સાધક, વેદ-વેદાંગ-પુરાણની ચૌદે વિદ્યાના જાણકાર, પ્રજ્ઞાવાન, સંપૂર્ણ જિનાગમના પારગામી, અજોડ સંકલનકાર, વિનમ્ર અને વિનયવાન શિષ્ય, વત્સલ અને મેધાવી ગુરુ, સવિશુદ્ધ ચારિત્રશીલ, અપ્રમત્ત આત્મસાધક, ક્ષમાસાગર, પંચમહાવ્રતના અણિશુદ્ધ પાલક, સ્વ-પર કલ્યાણમાં સદા તત્પર વગેરે વગેરે સદ્ગુણોથી સુસમ્પન્ન અને અગ્રેસર હતા.) તેઓની પોતાની શિષ્યસંપદા ૩૯૦૦થી પણ વધુ હતી.

આચાર્ય મલયગિરિ 'આવશ્યક નિર્યુક્તિ'ની વૃત્તિમાં લખે છે: "એ ક્ષમાસાગર, લોહસાર સમાન કાન્તિમાન રંગવાળા 'લોહાર્ય' ધન્ય છે કે જેમના ભિક્ષાપાત્રથી સ્વયં જિનેન્દ્ર ભગવાન મહાવીર પોતાના હસ્તપાત્ર દ્વારા ભોજન કરે છે." આ ઉલ્લેખથી બે વાત જાણવા મળે છે: ૧. સુધર્માસ્વામીનું બીજું નામ લોહાર્ય છે. ૨. ભગવાનના માટે તે ગોચરી લઈ આવતા. આમ છતાં, લોહાર્ય નામ બહુ પ્રચલિત નથી, અને તે અંગે વિદ્વાનોમાં એકમત પણ નથી.

શ્રી સુધર્માસ્વામીના દીક્ષાજીવનના ત્રણ પ્રસંગોની શાસ્ત્રોક્ત નોંધ નીચે પ્રમાણે મળે છે:

એક: ભગવાન મહાવીર વિદ્યમાન હતા એ સમયે તેમના પરમ ભક્ત શ્રેણિક રાજાએ કુમાર-કુમરી પર્વત ઉપર એક જિનાલય બંધાવ્યું હતું. શ્રી સુધર્માસ્વામીએ આ જિનાલયમાં ભગવાન શ્રી ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

બે: ભગવાન મહાવીરના નિર્વાણના અંતિમ દિવસે, તેઓ ભગવાનને વિનયથી પૂછે છે: "હે ભગવંત! કેવળજ્ઞાનરૂપી સૂર્ય ક્યારે અને કોના પછી ઉચ્છેદ પામશે, તે કહેવા કૃપા કરો."

તેમના આ પ્રશ્નથી આપણને સૌને જાણવા મળ્યું કે, જંબૂસ્વામી છેલ્લા કેવળી બનશે, ત્યાર પછી કોઈને કેવળજ્ઞાન નહિ થાય.

ત્રણ: ભગવાનના નિર્વાણ બાદ શ્રી સુધર્માસ્વામી ચંપાનગરીમાં શિષ્યપરિવાર સાથે પધાર્યા. આ શિષ્યપરિવારમાં શ્રી જંબૂસ્વામી પણ હતા. મગધનરેશ કોણિક તેમને વંદન કરવા માટે ગયા. શ્રી જંબૂસ્વામીનું અપ્રતિમ સૌંદર્ય જોઈને કોણિકે પૂછ્યું:

"હે ભગવંત! આપના આ શિષ્યવૃંદમાં તારામંડળમાં શરદ પૂર્ણિમાના ચંદ્ર સમાન કાંતિવાન, ઘીસીંચિત ઝળહળતી જ્યોત સમાન તેજસ્વી અને સૌંદર્યસમ્રાટ આ શ્રમણ કોણ છે? કયા દાન, શીલ, તપ અને ભાવના પ્રભાવથી તેમણે આવું ભુવનમોહન સૌંદર્ય અને તેજ પ્રાપ્ત કર્યાં છે?"

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

એના જવાબમાં શ્રી જંબૂસ્વામીનો પૂર્વભવ આપણને બીજીવાર જાણવા મળ્યો. [ આ પૂર્વે સમ્રાટ શ્રેણિકે વિદ્યુન્માલી દેવને જોઈ ને, તેમના વિષે જાણવાની જિજ્ઞાસા ભગવાન સમક્ષ વ્યક્ત કરી ત્યારે ભગવાને જંબૂસ્વામીના પૂર્વ ભવની વાત કહી હતી અને તેમના જન્મની આગાહી કરી હતી. ]

આ તો ત્રણ પ્રસંગો છે; પરંતુ તેઓના જીવનની મહત્ત્વની અને શકવર્તી ઘટના તેઓએ રચેલી 'દ્વાદશાંગી'નું પ્રદાન છે. (ભગવાન મહાવીરસ્વામીના ઉપદેશ પ્રમાણે તેમના અગિયારે ગણધરોએ જિનાગમના મુખ્ય એવાં ૧૨ અંગ-શાસ્ત્રોની રચના કરી હતી. આ બાર અંગ-શાસ્ત્રો એ જ 'દ્વાદશાંગી'. દરેક ગણધરે 'દ્વાદશાંગી' રચી હતી; અને તેઓ પોતપોતાના ગણ (શિષ્યો)ને તેનું અધ્યયન કરાવતા હતા. તેમાં ૯ ગણધરો ભગવાન મહાવીરની વિદ્યમાનતામાં જ નિર્વાણ પામતા અને ગૌતમસ્વામી ભગવાન મહાવીરના નિર્વાણ પછી અલ્પ સમયમાં જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરતા, આ દશેય ગણધરોનો શિષ્યપરિવાર, અર્થાત્ સમસ્ત શ્રમણસંઘ શ્રી સુધર્માસ્વામીનો આજ્ઞાવર્તી બનતા; અને આ પરિસ્થિતિમાં ૧૦ ગણધરોની દ્વાદશાંગીનું પઠન-પાઠન ક્રમે ક્રમે બંધ પડતાં, એક માત્ર શ્રી સુધર્માસ્વામી રચિત દ્વાદશાંગીનું પઠન-પાઠન ચાલુ રહ્યું અને આજે એ જ દ્વાદશાંગી વિદ્યમાન રહી જગત ઉપર પરમ ઉપકાર કરી રહી છે; વર્તમાન જૈનશાસન તેના આધારે જ પ્રવર્તી રહ્યું છે. આ દ્વાદશાંગી એ જ જૈનધર્મનું મૌલિક અને પ્રધાન શ્રુતસાહિત્ય છે. આ દ્વાદશાંગી–બાર અંગો (શાસ્ત્રો)નાં નામ નીચે મુજબ છે :—

(૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતીસૂત્ર), (૬) જ્ઞાતાધર્મકથા, (૭) ઉપાસકદશા, (૮) અંતકૃતદશા, (૯) અનુત્તરૌપપાતિકદશા, (૧૦) પ્રશ્નવ્યાકરણ, (૧૧) વિપાકશ્રુત અને (૧૨) દૃષ્ટિવાદ.

આ બારમા અંગના પાંચ વિભાગોમાં (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વ, (૪) ચૂલિકા (૫) અનુયોગ હતા. તેમાં ત્રીજા વિભાગ પૂર્વમાં ૧૪ ભેદ, જે આ પ્રમાણે હતા : ઉત્પાદ, અગ્રાયણી, વીર્ય, અસ્તિ–નાસ્તિ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુપ્રવાદ, અવંધ્ય, પ્રાણાયુ, ક્રિયાવિશાલ અને લોકબિંદુસાર. આ ચૌદ પૂર્વોની રચના અગિયારે ગણધરોએ ગણધરપદની પ્રાપ્તિ થઈ એ જ સમયે કરી હતી. દ્વાદશાંગીની પહેલાં જ આ વિભાગની રચના થઈ હતી; તેથી તેને 'પૂર્વ' એવી સંજ્ઞા આપવામાં આવી હતી. આ ચૌદ પૂર્વ સહિત આખુંય બારમું અંગ દૃષ્ટિવાદ વીર સં. ૧૦૦૦માં વિચ્છેદ પામ્યું છે.)

શ્રી સુધર્માસ્વામીએ પચાસ વર્ષની વયે દીક્ષા અંગીકાર કર્યા પછી ભારતવર્ષમાં વિચરી ભગવાન મહાવીરના દિવ્ય સંદેશનો મધુર અને બોધક વાણીથી સુંદર પ્રચાર કર્યો હતો. તેમના ધર્મોપદેશથી અનેક આત્માર્થી ભવિ જીવોએ જૈનધર્મ સ્વીકારી આત્મકલ્યાણ સાધ્યું હતું; તેમાં અનેક રાજા–મહારાજાઓ, રાજકુંવરો, મંત્રીઓ, શ્રેષ્ઠીવર્યો અને અન્ય ક્ષેત્રના મહારથીઓ પણ હતા; તેમાંના કેટલાયે પોતાનાં અઢળક ધનસંપત્તિ અને વૈભવ–વિલાસને ત્યાગીને સંયમમાર્ગનો સ્વીકાર કરી દીક્ષા ગ્રહણ કરી હતી. શ્રી સુધર્માસ્વામીએ જેમ જિનશાસનની અદ્‌ભુત શાસન-પ્રભાવના કરી હતી, તેમ ભગવાન મહાવીરની ઉત્તમોત્તમ સેવા–ભક્તિ પણ કરી હતી.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરના નિર્વાણ સમયે સુધર્માસ્વામીની વય ૮૦ વર્ષની હતી. ૯૨ વર્ષની વયે, વીરનિર્વાણ સં. ૧૨ (વિ. સં. પૂર્વે ૪૫૮)માં, તેઓને કેવલજ્ઞાન પ્રાપ્ત થતાં, તેમના ઉત્તરાધિકારી શ્રી જંબૂસ્વામીની સમસ્ત શ્રમણગણ સહિત ચતુર્વિધ સંઘના નાયકપદે સ્થાપના થઈ હતી.

આઠ વર્ષ સુધી કેવલીપણે વિચરી, ૧૦૦ વર્ષની વયે, વિ. સં. પૂર્વે ૪૫૦માં, શ્રી સુધર્માસ્વામી રાજગૃહીના વૈભારગિરિ ઉપર એક મહિનાના અનશનપૂર્વક નિર્વાણ પામી મોક્ષગામી બન્યા હતા.

તેઓના એક બીજા શિષ્ય શ્રી પ્રભવસ્વામી પણ શ્રી જંબૂસ્વામી પછી સંઘનાયક થયા હતા.

('જૈન પરંપરાનો ઇતિહાસ' અને અન્ય ગ્રંથો—લેખો આદિમાંથી સાભાર.)

---

### ભરતક્ષેત્રે વર્તમાન ચોવીશીના અંતિમ કેવલજ્ઞાની – મોક્ષગામી

# આચાર્ય શ્રી જંબૂસ્વામીજી મહારાજ

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં સંઘનાયકની બીજી પાટે આચાર્ય જંબૂસ્વામી થયા. જંબૂસ્વામીના ગુરુ ભગવાન મહાવીરના પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી હતા. જંબૂસ્વામીએ શ્રી સુધર્માસ્વામી પાસે દ્વાદશાંગીનો સાંગોપાંગ અભ્યાસ કર્યો હતો. આથી જંબૂસ્વામીના દીક્ષાગુરુ અને વિદ્યાગુરુ શ્રી સુધર્માસ્વામી હતા.

જંબૂકુમારનો જન્મ વીરનિર્વાણ પૂર્વે ૧૬મા વર્ષે રાજગૃહીનગરમાં થયો. તેમના પિતાનું નામ ઋષભદત્ત અને માતાનું નામ ધારિણી હતું. તેમને નામ પ્રમાણે ગુણવાળી (૧) સમુદ્રશ્રી, (૨) પદ્મશ્રી, (૩) પદ્મસેના, (૪) કનકસેના, (૫) નભસેના, (૬) કનકશ્રી, (૭) કનકવતી, (૮) જયશ્રી નામે આઠ પત્ની હતી. ઋષભદત્ત રાજગૃહનગરના શ્રેષ્ઠી હતા. અપાર લક્ષ્મીના સ્વામી હતા. તેમને ધારિણી નામે સદ્ધર્મચારિણી સ્ત્રી હતી.

એક વખત ધારિણીના ગર્ભમાં મહાન તેજસ્વી વિદ્યુન્માલીદેવનો જીવ ગર્ભપણે ઉત્પન્ન થયો. તે વખતે ધારિણીએ સ્વપ્નમાં શ્વેત સિંહ જોયો અને પોતાના ઉદરમાં રહેલા પુત્રને સુસંસ્કારી બનાવવા માટે વિશેષપણે સંયમપૂર્વક રહીને ધર્માચરણ કરવા લાગી. ગર્ભસ્થિતિ પૂર્ણ થયે ધારિણીએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. માતાએ ગર્ભધારણ વખતે જંબૂદ્વીપના અધિષ્ઠાતા દેવને ઉદ્દેશીને ૧૦૮ આયંબિલપૂર્વક આરાધના કરી હતી, આથી શુભ મુહૂર્તે તેનું નામ જંબૂ પાડવામાં આવ્યું.

બાળક જંબૂ રૂપસંપન્ન અને તેજસ્વી હતો. તેનામાં અનુક્રમે વિનયાદિ ગુણો વિકાસ પામ્યા. યૌવનવયમાં તેમનું રૂપ વિશેષે ખીલી ઊઠ્યું. એક વખત જંબૂએ મગધસમ્રાટ શ્રેણિકના ગુણશીલ નામના ઉદ્યાનમાં શ્રી સુધર્માસ્વામીનું ભવસંતાપહારી પ્રવચન સાંભળ્યું. તેનાથી તેના હૃદયમાં સંયમ ગ્રહણ કરવાનો તીવ્ર અભિલાષ જાગૃત થયો. જંબૂએ શ્રી સુધર્માસ્વામી પાસે જઈને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org